# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની વાવકુલ્લી ગ્રામ પંચાયતને આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર અપાશે
2) આઠ હત્યા સહિતનાં ગંભીર ગુનાઓ આચરનાર આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડનારા પોલીસ જવાનોનું સન્માન કરાયું
3) નવેમ્બર મહિનામાં અમદાવાદ આર.ટી.ઓ.એ વિવિધ ગુના બદલ 25 લાખ 25 હજાર રૂપિયાનો દંડ વસુલ્યો
4) પર્યાવરણ જાળવણીમાં પર્વતોની ભૂમિકા અંગે જાગૃતિ ફેલાવવા આજે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવણી થઈ રહી છે.
5) રાજ્યમાં છેલ્લાં ત્રણ દિવસથી ઠંડીએ જોર પકડ્યુ: નલિયામાં લઘુતમ તાપમાન 6.4 ડિગ્રી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PANCHAYAT AWARDS GHOGAMBA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વર્ષ 2022-23 માટેનાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કરશે. આ વર્ષે પાયાના સ્તર પર શાસન અને સમાજના વિકાસની વ્યાપક સિદ્ધિઓને દર્શાવતી વિવિધ શ્રેણીઓમાં કુલ 45  પુરસ્કાર વિજેતાઓ પસંદ કરાયા છે, જેમાં ગુજરાતનાં એક પુરસ્કારનો પણ સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની વાવકુલ્લી ગ્રામ પંચાયતને સુશાસન ધરાવતી પંચાયત શ્રેણીમાં એવોર્ડ મળ્યો છે. આ વર્ષે સ્પર્ધામાં 1 લાખ 94 હજાર ગ્રામ પંચાયતોએ ભાગ લીધો હતો. કુલ પુરસ્કાર વિજેતાઓમાં 42 ટકા પંચાયતોમાં મહિલાઓની આગેવાની છે.

સમારોહ દરમિયાન પંચાયતીરાજ મંત્રી પુરસ્કાર વિજેતા પંચાયતોની નવીન અને અસરકારક કાર્ય પ્રણાલિઓ અંગે એક પુસ્તિકાનું અનાવરણ કરશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ પુરસ્કારોનો ઉદ્દેશ અન્ય પંચાયતોને શ્રેષ્ઠ કાર્ય પ્રણાલિ અપનાવવા માટે પ્રેરિત કરવા અને ગ્રામ્ય ભારતને સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાનો છે.

---------------------------------------------------------------------

- પુલ, પી.આઈ.બી. અનિલ પટેલ, NAVIN

# VALSAD SERIAL KILLER

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આઠ હત્યા અને દુષ્કર્મ ઉપરાંત અનેક ગંભીર ગુનાઓ આચરનાર આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડનારા તમામ પોલીસ જવાનોનું ગાંધીનગરમાં સન્માન કર્યું હતું.

શ્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પ્રસંશનીય કામગીરી બદલ 172 પોલીસ અધિકારીઓને 12 લાખ 09 હજાર રુપિયાનુ રોકડ ઇનામ આપ્યું હતું.

વલસાડના પારડીમાં બનેલી દુષ્કર્મ અન હત્યાની ઘટનાના આરોપીને પકડી પાડનાર વલસાડ પોલીસ સહિત ગુજરાત રેલવે પોલીસ અને લાજપોર જેલ કર્મીઓને અભિનંદન પાઠવી 1-1 લાખ રૂપિયાનુ ઇનામ આપી સન્માનિત કરાયા હતા. આ ઘટનાને અંગે શ્રી સંઘવીએ કહ્યું હતું કે ક્રુર- નિર્દયી સિરિયલ કિલરને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે અને ખુબ જ ટુંકા સમયમાં સજ્જડ પુરાવાઓ ભેગા કરી કડક કાર્યવાહી કરાશે.

---

- મા.ખાતુ- રિધ્ધિ, NAVIN

# AHMEDABAD RTO PENALTY

અમદાવાદમાં હીટ એન્ડ રનના વધી રહેલા બનાવોને પગલે શહેરના હાઇવે પર આર.ટી.ઓ. ઇન્સ્પેક્ટર દ્વારા માલ વાહનોના ઓવરલોડિંગ સહિતના વિવિધ નિયમ ભંગના મુદ્દે અને શહેરની અંદર પણ ચાલતા મોટા વાહનો સામે કાર્યવાહી કરીને મેમો આપીને નવેમ્બર મહિનામાં કુલ 25 લાખ 25 હજાર રૂપિયાનો દંડ વસુલ્યો હતો.

વાહન ઓવરલોડિંગ માટે 108 લોકો પાસેથી આર.ટી.ઓ.એ 12 લાખ સાત હજાર રૂપિયા, ઓવર ડાયમેન્શનલ કાર્ગો એટલે કે ભારે માલ વાહનની મર્યાદા કરતા પણ બહાર સામાન હોય તેવા 144 વાહનોના માલિકો પાસેથી આઠ લાખ 32 હજાર રુપિયા, માર્ગ સલામતીનો ભંગ કરતા 339 કેસમાં ત્રણ લાખ 39 હજાર રુપિયાનો દંડ વસુલવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ઓવર સ્પીડના 334 કેસમાં 6 લાખ 68 હજાર રૂપિયા અને પી.યુ.સી. ન હોવાને કારણે, 158 વાહનચાલકો પાસેથી 79 હજાર રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો હતો.

-------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર અનિલ, NAVIN

# NCC DANDI PADYATRA

અમદાવાદના સાબરમતી ગાંધી આશ્રમથી એન.સી.સી.ની દાંડી પથ યાત્રાનું શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ પ્રસ્થાન કરાવ્યું હતું. એનસીસીના 40 યુવાન કેડેટ્સ 14 દિવસમાં સાબરમતી આશ્રમથી દાંડી સુધી 410 કિ.મી.ની પદયાત્રા કરશે. શિક્ષણ રાજ્યમંત્રીએ ગુજરાત એનસીસી કેડેટ્સ દ્વારા 'વિકસિત ભારત, આત્મનિર્ભરતા, સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, મહિલા સશક્તિકરણ, શિસ્ત અને નીતિશાસ્ત્ર સાથેનું શિક્ષણ, વ્યસન મુક્તિ'ના સંદેશ સાથે સાબરમતી આશ્રમથી દાંડી સુધી આયોજિત 410 કિલોમીટરની પદ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી પાનશેરીયાએ આ મુજબ જણાવ્યું..

(બાઇટ –પ્રફુલ પાનશેરીયા)

---------------------------------------------------------------------

- INFO, HARSHAL PANDYA, SONAL, NAVIN

# WATER GLOBAL AWARD-2024

જળ શક્તિ મંત્રાલય દ્વારા આણંદ જિલ્લાને વોટર ટ્રાન્સવર્સાલિટી ગ્લોબલ એવોર્ડ-2024 એનાયત કરાયો છે.

આણંદમાં જળસંચય અને જળસંગ્રહની કામગીરી માટે 75 જેટલા અમૃત સરોવર બનાવવા માટેનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સામે 85 જેટલા અમૃત સરોવર બનાવીને આણંદ જિલ્લાના તળાવોની પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. ભૂગર્ભ જળ, પશુઓના પીવાના પાણીની વ્યવસ્થા, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા જેવી અનેક જળ વ્યવસ્થાપનની કામગીરીને ધ્યાનમાં રાખીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. નાયબ જિલ્લા વિકાસ અધિકારી રૂબીસિંહ રાજપુતે આ અંગે વધુ માહિતી આપી.

## બાઈટ - રૂબીસિંહ રાજપુત (નાયબ જિલ્લા વિકાસ અધિકારી)

---

- NDMS... KARAN PARMAR, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# INTERNATIONAL MOUNTAIN DAY

પર્વતોના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને પર્યાવરણ જાળવણીમાં પર્વતોની ભૂમિકા અંગે જાગૃતિ ફેળવવા માટે આજે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવણી થઈ રહી છે. આ વર્ષની ઉજવણીની થીમ છે "ટકાઉ ભવિષ્ય માટે પર્વતીય ઉકેલો - નવીનતા, અનુકૂલન અને યુવા".

ઉલ્લેખનીય છે કે ભારતીય પર્વતારોહણ ફાઉન્ડેશન (IMF)એ ભારતમાં પર્વતારોહણને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને મહત્વાકાંક્ષી પર્વતારોહકોને તેમની કુશળતા શીખવા અને વિકસાવવા માટે એક મંચ પૂરો પાડ્યો છે. ગુજરાત સરકાર પણ પર્વતારોહણને પ્રોત્સાહન માટે વિવિધ પગલાં ભરી રહી છે.

---------------------------------------------------------------------

- મા.ખાતુ- રિધ્ધિ, NAVIN

# KHAAN KHANIJ-SURENDRANAGAR

સુરેન્દ્રનગરની ભુસ્તર શાસ્ત્રી ક્ષેત્રીય ટીમ દ્વારા છેલ્લા દસ દિવસમાં કાર્બોસેલ ખનીજના ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ અંગે કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં અલગ અલગ ગામોમાં અચાનક તપાસ કરાતા ગેરકાયદેસર ખનીજ ખનનના કેટલાક કિસ્સાઓ સામે આવ્યા છે.

મૂળી તાલુકાના ખાખરાળા, તેમજ ધોળિયા ગામે, તેમજ થાનગઢના રાવરાણી,ખાતે આકસ્મિક તપાસ કરતા ખનન માટે ઉપયોગમાં લેવાતી પાઇપો, ટ્રેકટર મશીન અને જનરેટર સહીત કુલ 17 લાખથી  વધુનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજી તરફ કાર્બોસેલ ખનીજના ગેરકાયદેસર વહન કરતાં બે ડમ્પર પણ જપ્ત કરવામાં આવેલ છે. ત્રણ ગામોમાં વિવિધ ગુનામાં કુલ 21 આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. આ ઘટના અંગે સુરેન્દ્રનગર જિલ્લાના ખાણ ખનીજ વિભાગના અધિકારી જે. એસ. વાઢેર વધુ માહિતી આપી..

(બાઇટ - જે. એસ . વાઢેર -

ખાણ ખનીજ વિભાગ અધિકારી ,સુરેન્દ્રનગર)

---

- રીટા દવે, NDMS, NAVIN

# WEATHER

રાજ્યમાં છેલ્લાં ત્રણ દિવસથી ઠંડીએ જોર પકડ્યું છે. ઉત્તર પશ્ચિમી પવન ફંકાતા ગઈ કાલે મોસમમાં પ્રથમ વાર નલિયાનું લઘુતમ તાપમાન 6.4 ડિગ્રીએ પહોંચ્યું હતું. રાજ્યનાં કેટલાંક શહેરોમાં તાપમાન ઘટીને 10 ડિગ્રી સેલ્સિયસ પાર આવી ગયું હતું.

ગઈ કાલે ડીસામાં 10.3, કંડલામાં 10.2, કેશોદમાં 10.5, વડોદરામાં 10.2, દીવમાં 11.5 ડિગ્રી તાપમાન રહ્યું હતું, જ્યારે ભુજમાં 11.4, અમદાવાદમાં 13.7 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં અને અમરેલીમાં 13 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યનાં તમામ શહેરોમાં મહત્તમ તાપમાન 29 ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં છેલ્લા બે દિવસથી પવન સાથેની ઠંડીથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ખાસ કરીને મોડી સાંજે તેમજ વહેલી સવારે જોરદાર ઠંડી અનુભવાતા રસ્તાઓ પર લોકોની અવરજવર ઓછી થઈ ગઈ છે.

જોરદાર ઠંડી પડવાની શરૂ થતાં ગરમ વસ્ત્રોના બજારમાં ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી રહી છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગઈ કાલે ભાવનગરમાં  ઠંડો પવન ફૂંકાતા વાતાવરણ ઠંડુ થઈ ગયું હતું. શહેરનું મહત્તમ તાપમાન 25.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 14.7 ડિગ્રી રહ્યું હતું.

---

- ડેસ્ક, પીટીસી પાટણ અને ભાવનગર અનિલ, NAVIN

# BULLET TRAIN PROJECT

રાજયમાં વાયડક્ટ પર પાટાનું વેલ્ડિંગ શરૂ થવાની સાથે જ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગુજરાત માટેના ટ્રેક નિર્માણનું કામ આગળ વધી રહ્યું છે.

આ પ્રોજેક્ટ માટેના પાટાઓ જાપાનથી ખરીદવામાં આવે છે, જેની લંબાઈ 25 મીટર છે. આ પાટાને અત્યાધુનિક ફ્યુઝન વેલ્ડિંગ મશીનો દ્વારા વાયડક્ટ પર એકસાથે વેલ્ડિંગ કરવામાં આવે છે, જેથી 200 મીટર લાંબા પાટાની પેનલ્સ બનાવી શકાય. અત્યાર સુધીમાં આવા 298 પાટાના પેનલને એટલે કે લગભગ 60 કિમીના પાટા વેલ્ડિંગ કરવામાં આવ્યા છે.

---

- YADI, PTC- NAVSARI- ASHOK PATEL, APARNA KHUNT, SONAL